# ભિલોડાના અણસોલ ગામથી લુસડીયા ગામ સુધીનો માર્ગ બિસ્માર

ભિલોડા,તા.૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સરહદી વિસ્તારના છેવાડાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ અણસોલ ગામથી લુસડીયા ગામ સુધીનો માર્ગ બિસ્માર હાલતમાં વર્ષોથી છે પરંતુ વહીવટી તંત્રના અધિકારીઓ જાણે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોય તેમ લોકમુખે ચર્ચાય છે ત્યારે વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.અણસોલ પંથકના પ્રજાજનોમાં તીવ્ર રોષ ભભુકી રહ્યો છે.



અણસોલથી લુસડીયા સુધીના માર્ગનું નવિનીકરણનું કામકાજ કોન્ટ્રાક્ટરો ધ્વારા એક અંદાજીત એક વર્ષ પહેલાં શરૂ કરવામાં આવ્યું હતું પરંતુ માર્ગનું કામકાજ કોન્ટ્રાક્ટર ધ્વારા ગોકળગતીએ કરાતાં રાહદારીઓ,વાહનચાલકો અને પ્રજાજનો હેરાન-પરેશાન થઈ રહ્યા છે.

અણસોલ પંથકના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ અણસોલથી મોટા સામેરા,નાના સામેરા,લુસડીયા,નાના કંથારીયા,લક્ષ્મણપુરા,સરકી લીમડી,કુડોલ,ઈસરી,રેલ્લાવાડા થઈને મેઘરજને જોડતો માર્ગ ઉપર મોટા-મોટા ગાંબડા પડી ગયા છે.માર્ગ ઉપર ઠેર-ઠેર ડામર ખુલી ગયો છે ત્યારે વાહનોમાં વારંવાર પંચર પડતા હોય છે.ફોર વ્હીલ વાહનોમાં વ્હીલ એલાયમેન્ટ ખસી જાય છે.વાહનો ખખડધજ થઈ રહ્યા છે ત્યારે વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

અણસોલ ગામના સામાજીક કાર્યકરએ જણાવ્યું હતું કે સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સાંસદ,ભિલોડા-મેઘરજ ધારાસભ્ય,અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય,ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ સહિત રાજકીય નેતાઓ અને વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓને બિસ્માર માર્ગ સંદર્ભે વારંવાર રજુઆતો કરવા છતાં કોન્ટ્રાક્ટર ધ્વારા માર્ગના નવિનીકરણનું કામકાજ ગોકળગતીએ ચલાવાતાં વાહનચાલકો અને પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા આળસુ કોન્ટ્રાક્ટરને માર્ગના નવિનીકરણનું કામકાજ અપાયું છે ત્યારે પ્રજાજનોમાં તીવ્ર રોષ ભભુકી રહ્યો છે.માર્ગનું કામકાજ સત્વરે પુર્ણ કરવામાં નહી આવે તો આગામી ચોમાસા દરમ્યાન ભારે મુશ્કેલી સર્જાશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.અણસોલ પંથકના જાગૃત પ્રજાજનોએ જણાવ્યું હતું કે અણસોલ ગામથી થી લુસડીયા ગામને જોડતા માર્ગનું કામકાજ કોન્ટ્રાક્ટર ધ્વારા સત્વરે પુર્ણ નહી કરવામાં આવે તો ગાંધીચિધ્યા માર્ગે લડત આપવાનું અને હડતાલ ઉપર બેસવાની ચિમકી પ્રજાજનોએ ઉચ્ચારી છે.

# કાંકરેજ તાલુકાના રણાવાડા(જા)થી શિહોરી રોડ કામમાં ગેરરીતી થઈ હોવાની બુમરાડ ઉઠવા પામી

કાંકરેજ, તા. ૬

કાંકરેજ તાલુકાના રણાવાડા(જા)થી શિહોરી એપ્રોચરોડનું ટેન્ડર જે તે સમયે બહાર પાડવામાં આવેલ અને રોડનું કામ સરસ્વતી બીલ્ડ કન્ટ્રક્શન મહેસાણાને મળતાં રોડના કામમાં રણાવાડા ૦.૦૦ થી ૩૪૭૦ ચો.મી.નું જંગલ કટીંગ તથા સફાઈ કામ કર્યા વગર જ કામ શરૂ કરી પૂર્ણ કરી દિધેલ અને જેમાં ૪૧૬ મીટરનું માટીકામ પણ કરવામાં આવેલ નથી અને ૪૫.૦૦-૬૩.૦૦ એમએમની કપચીની જગ્યાએ ૩૫.૦૦ એમએમના લેવલની કામ કરી તેના ઉપર વાઈબ્રેટ મશીન દ્વારા પેવર કરી પાવડરનો છંટકાવ કરી કામ ઝડપી પૂર્ણ કરવા માટે મશીનનું સેટીંગ ન થતાં કોઈ ટેકનીકલ ખામી સર્જાયેલ એ મશીનરી બંધ થતાં પાંચ ગાડીનો માલ ૧૨ કલાક સુધી રઝળ્યો અને તે માલ ફરીથી ઉપયોગમાં લેતા રોડ ઉપર કાંકરીઓ છુટી પાડી દઈ અને જે રીતે ટેન્ડરમાં કામ કરવાની ધારાધોરણ મુજબની રીત છે તેના લીરે લીરા ઉડાવી બોગસ કામગીરી કરતા રણાવાડા(જા) ગામના રાવલ ભરતભાઈ રઘુભાઈએ ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત કરતા અને રોડ ઉપર ચાલતા કામમાં કોન્ટ્રાક્ટર તથા શિહોરી માર્ગ મકાન વિભાગના પઠાણ તથા અલ્પેશ પટેલ કોન્ટ્રાક્ટર સાથે સ્થળ ઉપર ચકાસણી કરેલ અને ૬ દિવસ માટેની મુદત માંગેલ જેથી કરી કામગીરી યોગ્ય રીતે થાય પરંતુ ટેન્ડરની તારીખ અને અત્યારે કરાયેલા કામમાં જમીન આશમાનનો ફરક હોવાથી તંત્રની ઘોર બેદરકારી સામે આવતાં રણાવાડા(જા) ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો હતો અને તંત્ર તથા કોન્ટ્રાક્ટર સામે ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. જો કે હવે તંત્ર દ્વારા કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ કેવા પગલાં ભરવામાં આવે છે તે જોવુ રહ્યું.



# પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામની ૧૦૧ વર્ષ જૂની પ્રાથમિક શાળામાં ગુણોત્સવનો શુભારંભ

માહિતી અને પ્રસારણ સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષણની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓ અત્યંત મહત્વની છે. રાજ્ય સરકાર દ્વારા યોજાતા ગુણોત્સવ કાર્યક્રમના પરિણામે વિદ્યાર્થીઓના શિક્ષણ અને ઘડતરમાં નોંધપાત્ર વધારો થયો છે.

આજે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામે ગુણોત્સવ કાર્યક્રમના આઠમા ચરણનો શુભારંભ કરાવતા સચિવે કહ્યું હતું કે, રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાલક્ષી શિક્ષણ પૂરૂ પાડવા માટે શરૂ કરાયેલા આ ગુણોત્સવ કાર્યક્રમને રાજ્યમાં પ્રતિવર્ષ વ્યાપક જનપ્રતિસાદ સાંપડી રહ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, મંત્રી મંડળના સભ્યો સહિત ઉચ્ચ સનદી અધિકારીઓની ઉપસ્થિતિમાં રાજ્યભરમાં ગુણોત્સવના આઠમા તબક્કાનો આજે શુભારંભ થયો છે. મુખ્યમંત્રી દ્વારા વિદ્યાર્થીઓમાં ગણન-વાંચન કૌશલ્ય વિકસે તે માટે ખાસ ધ્યાન કેન્દ્રીત કરાયું છે. છેલ્લા સાત ગુણોત્સવના પરિણામે વિદ્યાર્થીઓના શિક્ષણ અને ઘડતરમાં નોંધપાત્ર વધારો પણ થયો છે જે માત્રને માત્ર આ અભિયાનને આભારી છે. ગુણોત્સવ-૧માં છ+ ગ્રેડની માત્ર ૫ શાળા હતી તે ગુણોત્સવ-૭માં વધીને ૨૧૧૭ થઈ છે. એજ રીતે બી ગ્રેડની ૩૮૨૩ શાળાઓ હતી તે વધીને ૧૨,૫૫૬ થઈ છે. તેમજ સી અને ડી ગ્રેડની શાળાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જેમાં સી ગ્રેડની ૧૨૮૮૭ શાળાઓ હતો તે ઘટીને ૧૬૧૩ અને ડી ગ્રેડની ૧૪૫૮૨ શાળાઓ હતી તે ઘટીને ૩૦૦ થઈ છે. જે આ કાર્યક્રમના સફળ પરિણામો દર્શાવે છે.



તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓને ગુણવત્તાલક્ષી શિક્ષણ પૂરૂ પાડવાના આ યજ્ઞમાં રાજ્ય સરકાર જે પ્રયાસો કરી રહી છે તેમાં નાગરિકો, વાલીઓ પણ યોગ્ય સહયોગ આપશે તો ચોક્કસ વધુ સારા પરિણામો મળશે. તેમણે રાજ્યના તમામ શિક્ષકો, બી.આર.સી., સી.આર.સી.ને આ અભિયાનમાં વધુ ને વધુ સક્રિય સહયોગ આપવા અપીલ કરી હતી.

# પ્રાંતિજના સદાની મુવાડી પ્રાથમિક શાળામાં ગુણોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૭

સરકાર દ્વારા શિક્ષણમાં સુધારો આવે અને બાળકોને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે હેતુથી લાખ્ખો રૂપિયાનો ખર્ચ શિક્ષણ પાછળ કરવામાં આવે છે. શિક્ષણમાં સુધારાને લઈને દર વર્ષે ગુણોત્સવ યોજાય છે. જેમાં પ્રાંતિજ તાલુકા સદાની મુવાડી પ્રાથમિક શાળામાં ગુણોત્સવ યોજાયો હતો.



સદાના મુવાડી પ્રાથમિક શાળા ખાતે ગુણોત્સવને લઈને ફાઈનાન્સ ડીપાર્ટમેન્ટના ડેપ્યુટી સેક્રેટરી એસ.વી. પરમાર તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાઅધિકારી ટી.કે. વાઘેલા ઉપસ્થિત રહ્યાં હતાં અને ધોરણ ૨થી ૮ માં વાંચન, ગણન બાબતોથી વિધાર્થીઓની ચકાસણી કરવામાં આવી હતી. ઉપસ્થિત એસ.વી. પરમાર દ્વારા વિદ્યાર્થીઓની વ્યક્તિગત રીતે પ્રશ્નો પુછીને વાંચન-લેખન ગણતરીની ચકાસણી કરી શિક્ષણ વિભાગના ગુણોત્સવ કાર્યક્રમને સાર્થક કર્યો હતો. એસ.વી. પરમાર દ્વારા ગામની આંગણવાડી ગ્રામ પંચાયત ઓફિસની ઓચિંતી મુલાકાત પણ લીધી હતી. તાલુકા વિકાસ અધિકારી જે. એચ. કાપડીયાએ પણ ગુણોત્સવ દરમ્યાન પ્રાથમિક શાળામાં મુલાકાત લઈને વિદ્યાર્થીઓની ચકાસણી કરી હતી.



વાત્રક યોજના નહેર વિભાગ મોડાસા ખાતે જયસ્વાલ દિલીપકુમાર સાલિગામ વર્ક આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા. જેઓ વય નિવૃત્તી થતા તેઓનો વિદાય મસારંભ યોજાઈ ગયો. કાર્યપાલક ઈજનેર પી.એમ. પંચાલ અને વી.ડી. પટેલના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે તેઓનુ શાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માનિત કરાયેલ અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# લવાણા ગામે જીપીએસસીમાં સફળ યુવાનોનો સન્માન સમારંભ તથા માર્ગદર્શન સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૭

બનાસકાંઠાના લાખણી તાલુકાના લવાણા ગામે સમસ્ત ભીલ સમાજ અને ગ્રામજનો દ્વારા જીપીએસસીમાં સફળ થનાર યુવાનોનો સન્માન સમારંભ થતા માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ૮મી એપ્રિલ ૨૦૧૮ના રોજ યોજાશે.

લાખણી તાલુકાના લવાણા ગામના યુવાન હરેશકુમાર મકવાણાએ જીપીએસસીની વર્ગ-૧, વર્ગ-૨ની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરી આદિજાતિ વિકાસ અધિકારી તરીકે પસંદગી પામ્યા છે. યુવાન હરેશ મકવાણાની આ સિદ્ધિ બદલ સમાજ અને ગ્રામજનોએ વિશેષ સન્માન સમારંભ અને અન્ય યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના સેમિનારનું આયોજન કર્યુ છે. આ સેમિનારમાં જીપીએસસીમાં સફળ થનાર ડીવાયએસપી પ્રણવભાઈ કટારીયા, ટીડીઓ હિરલભાઈ પટેલ, મામલતદાર ધવલ મડાત, મામલતદાર ઉર્વિશ ડામોર, મામલતદાર હિમાંશુ ચૌહાણ, સેક્સન ઓફિસર પ્રિતેશ ડિંડોર અને સેક્સન ઓફિસર ચિંતન મૂળીયાણા હાજર રહેશે અને સમાજના અન્ય નવયુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષા અંગેનું માર્ગદર્શન પુરૂ પાડશે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શિવાભાઈ ભુરીયા સહિતના આગેવાનો અને અગ્રણીઓ અને સમાજબંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.






મહેસાણા જિલ્લાના ચરાડુ ગામે આવેલ પ્રાથમિક શાળામાં જિલ્લા પ્રભારી સચિવ ધનંજ્ય દ્વિવેદીએ મુલાકાત કરી ગુણોત્સવનો પ્રારંભ કરાયો હતો. જેમાં પ્રભારી સચિવ ધનંજ્ય દ્વિવેદીએ જણાવ્યું હતું કે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરી વિવિધ ક્ષેત્રે અને વ્યવસાયોમાં આગળ વધેલ ગ્રામજનો પોતાનો યથાયોગ્ય યોગદાન આપી બાળકોને શિક્ષણમાં સહાય કરે તેમ જણાવ્યું હતું. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો ગ્રામજનોને લાભ લેવા અનુંરોધ કર્યો હતો. પ્રભારી સચિવે વાલી મંડળ સાથેની બેઠકમાં બાળકો ભણે અને અધવચ્ચે અભ્યાસ છોડી ના દે તેવા પ્રયાસો કરવા જણાવ્યું હતું. સાથો સાથ ધોરણ આઠમાં પણ આગળ ભણે અને કોલેજનું શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે બાળકોને પ્રોત્સાહિત કરવા જણાવ્યું હતું. પ્રાથમિક શાળાના વિવિધ વર્ગખંડોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી અન બાળકો સાથે સીધો સંવાદ કર્યો હતો. અને ગુજરાતી, અંગ્રેજી વાંચન કરાવ્યું હતું. તથા ગણિતના દાખલા ગણાવી તેમના જ્ઞાનની ચકાસણી કરી હતી. ત્યાર બાદ વાલી મંડળ સાથે મુલાકાત લઈ બેઠક યોજી હતી અને બાળકોની હાજરી મધ્યાહન ભોજન, રમત ગમતના સાધનો પુસ્તકો શિષ્યવૃતિ અને ઉપલબ્ધ સુવિધાઓની માહિતી લઈ તેમની સમીક્ષા કરી હતી.

# પ્રાંતિજ કૃષ્ણનગર સોસાયટીના રહીશો રોડના કામને પગલે પરેશાન

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન રોડ પર આવેલ કુષ્ણનગર સોસાયટી ખાતે સોસાયટીના રોડના કામને લઈને રહીશો મુશ્કેલીઓમાં મુકાયા છે અને કોન્ટ્રાક્ટર દ્વારા છેલ્લા બાવીસ દિવસથી આડેધડ ખોદકામ કરી દેતાં રહીશોને ઘરની બહાર નિકળવું પણ મુશ્કેલ બન્યું છે.

પ્રાંતિજ કુષ્ણનગર સોસાયટી ખાતે છેલ્લા ૨૨ દિવસથી રોડના કામને લઈને રહિશો પરેશાન થઈ ગયા છે. કોન્ટ્રાક્ટર દ્વારા આડેધડ ખોદકામ કરતા જુની ગટરો સહિત પાણીની લાઈનો તોડી નાખતાં સોસાયટીમાં કિચ્ચડ થયો છે. બીજીબાજુ એકદમ ખોદકામ કરી દેતા રહીશોને આવવું જવું મુશ્કેલ બન્યું છે. રહીશોનું કહેવું છે કે સ્ટ્રીટ લાઈટો અમે અમારા ખર્ચે નાખી, ગટરલાઈન પણ અમે અમારા ખર્ચે કરેલ છે અને આના પહેલા રોડ હતો તે પણ અમે અમારા ખર્ચે કર્યો હતો અને અમને પાલિકા તરફથી કોઈ જ સુવિધાઓ મળી નથી. બીજી બાજુ પાલિકા દ્વારા પ્રથમ વખત સોસાયટીમાં રોડ બનાવી આપવામાં આવે છે. તેમા પણ છેલ્લા ૨૨ દિવસથી આડેધડ ખોદકામને લઈને ગટરો બ્લોક થતાં પાણીની પાઈપો તુટતા રોડ ઉપર કિચ્ચડ થતાં અમે પરેશાનીમાં મુકાયા છીએ. હજુ તો માત્ર કોન્ટ્રાક્ટર દ્વારા રોડ ઉપર કાંકરેટ કર્યો છે તેમાં પણ હલકી ગુણવત્તા ઉપયોગ થયો હોવાની રાહ ઉઠવા પામી છે તો ખરેખર તપાસ થાય તો ઘણું ખરુ મળી આવે તેમ છે.



રહીશો દ્વારા હાલ તો સારી ગુણવત્તાવાળુ મટેરીયલ ઉપયોગ થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. તો રોડના કામ દરમ્યાન પાલિકા એન્જીનીયર દ્વારા સેમ્પલ લેવામાં આવે તેવું રહીશો જણાવી રહ્યાં છે ત્યારે પાલિકા એન્જીનીયર દ્વારા શું સેમ્પલ લેવામાં આવશે કે શું એ તો હવે જોવાનું રહ્યું.



## મોડાસા સર્વોદય સહકારી બેંકના ચેરમેનપદે પુનઃ ઈકબાલહૂસેન ઈપ્રોલીયા બિનહરીફ

મોડાસાનગરની અગ્રગણ્ય ધી સર્વોદય સહકારી બેંકમાં ચેરમેન તથા મેને. ડીરેક્ટર્સની ટર્મ પૂર્ણ થતા અઢી વર્ષની બીજી ટર્મ માટેની યોજાયેલ બોર્ડ ઓફ ડીરેક્ટર્સની મીટીંગમાં સર્વાનુમતે પુનઃ ફરીવાર આગામી અઢી વર્ષ માટે ચેરમેનપદે ઈકબાલહૂસેન ઈપ્રોલીયાની વરણી કરવામાં આવેલ. જ્યારે મેને. ડીરેક્ટર તરીકે મ. યાસીનકાજી તથા ઈબ્રાહીમભાઈ બાકરોલવાળાની નિમણુંક કરવામાં આવેલ. સતત ૨૩ વર્ષથી આ બેંકના ચેરમેનપદે આરૂઢ થનાર ઈકબાલહુસેન ઈપ્રોલીયા મોડાસાનગરમાં પ્રજાજનોમાં ખાસ કરીને સભાસદોમાં ગ્રાહકો તથા શુભેચ્છકોનો બહોળો વર્ગ ધરાવે છે. બેંકના વિકાસમાં તેઓનો અમૂલ્ય ફાળો રહેલો છે. સમગ્ર નગરમાંથી મોટી સંખ્યામાં લોકોએ તેઓને શુભેચ્છા સાથે અભિનંદન પાઠવેલ હતા.

# પાલનપુર ખાતે ભાજપના સ્થાપના દિનની કરાઈ ઉજવણી

## પાલિકાના ગેરવહીવટની અસર કાર્યક્રમમાં વર્તાઈ

ભારતીય જનતા પાર્ટીની સ્થાપનાને ૩૮ વર્ષ પુરા થયાને ૩૯ માં વર્ષમાં પ્રવેશ થતા પાલનપુરમાં ભાજપના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ભાજપ શાસિત પાલનપુર પાલિકાના ગેરવહીવટની અસર વર્તતા પાંખી હાજરીમાં ભાજપના હોદ્દેદારો-કાર્યકરો અને સમર્થકો ઉપસ્થિત રહેતા પ્રભારી મંત્રી પણ ચોંકી ઉઠ્યા હતા.



ભારતીય જનતા પાર્ટીની સ્થાપના ૬ એપ્રિલ ૧૯૮૦માં થઈ હતી. ત્યારે પાર્ટીના સ્થાપના દિવસની ઉજવણી બનાસકાંઠાના પાલનપુર શહેરમાં કેબીનેટ મંત્રી અને જિલ્લા પ્રભારી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.જેમાં કિર્તિસ્થંભથી ગુરૂનાનક ચોક સુધી પદયાત્રા કરી હતી. આ પ્રસંગે પ્રભારી મંત્રીએ આગામી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી વધુ સીટો હાસલ કરે તે માટે મતદારો પાસે જઈ સરકારની અનેક યોજનાઓ અંગે માહીતગાર કરવા કાર્યકરોને હાકલ કરી હતી.